# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૬ ● સળંગ અંક : ૧૦૯ ● તા. ૧૧ જૂલાઈ થી ૧૭ જૂલાઈ ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# કેડીઓ સીએ એસોસિએશન દ્વારા ‘ટ્રસ્ટના નિયમો અને પાલનો’ અંગે વિશેષ વેબિનારનું આયોજન



C.A. KAMLESH VIKAMSEY


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# નિષ્ફળતાના શિક્ષણથી સફળ થવાય છે

દુનિયાને સતત નિષ્ફળતા મેળવેલ વ્યક્તિ જ સફળતા કેમ મેળવવી તેના પાઠ ભણાવે છે. ઓછા પ્રયત્ને અનાયાસ સંપતિ કેમ સર્જવી તેની તાકમાં સૌ રહે છે. એના પાઠ ભણાવતા કઈ કેટલાં પુસ્તકો લખાય છે, વેંચાય છે અને ખપત થાય છે. પ્રત્યેક વ્યક્તિ પોત પોતાના ક્ષેત્રમાં રાતોરાત સફળતા મેળવા માંગે છે પણ કોઈ વિચારતું નથી કે ગોટલો વાવ્યા પછી જો પૂરા પાંચ વર્ષ સુધી એની સંભાળ લેવાય, માવજત, રખાવટ કરાય તો જ એ આમ્રવૃક્ષ બનીને મ્હોરે છે અને કેરીના રૂપે મીઠા મધૂર ફળ આપે છે. સફળતા ઝટ પામવી છે પણ, સંભાળ લેવા જેટલો કોઈને સમય નથી. સૌને સત્વરે પરિણામ જોઈએ છે. પરિણામે ઘરમાં કે ગેલેરીમાં વડલો અને પીપળો ઉગે છે પણ બોન્સાઈ વૃક્ષો રૂપે.

મનોવિજ્ઞાન શિક્ષણના સફળતા મેળવવાના સાત પગલાં જેવા સચોટ ને કારગત ઉપાય બતાવતા પુસ્તકોનો રાફડો આજે બજારમાં ઠલવાય છે. જેટલા પુસ્તકો એટલા જ જ્ઞાનગુરૂઓના વ્યાખ્યાન, પ્રવચન અને બોધપ્રદ ભાષણ સાંભળી ભલભલા મૂંઝાઈ જાય છે. પાછા એના લોભામણા શીર્ષકો જેમકે 'તનાવથી મુક્તિ', 'સફળતાને આંબવી સહેલી છે'. 'હતાશાને દૂર રાખો', 'સમયથી સાવધાન', 'થીંક પોઝિટીવ' જેવા ચાલાક અને ચબરાકીયા મથાળાથી માણસ ભ્રમિત થઈ જાય છે. એટલું ગાંઠે બાંધી રાખવું જોઈએ કે માણસ એ જો સતત હકારાત્મક વિચારો જ કરવા જોઈએ, નિષેધાત્મક કશું વિચારવું ન જોઈએ. જો સતત હકારાત્મક વિચારો જ કરીએ તો કાર્ય સિદ્ધિ અવશ્ય સાંપડે છે. નિષ્ફળતા નજીક ફરકતી નથી. માણસ સતત બુદ્ધિપૂર્વક પ્રયત્નો કરે અને ધીરજપૂર્વક પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટે પરિશ્રમ કરતો રહે તો અને સિદ્ધિ સફળતા નક્કી મળે જ છે. એમાં કશી જ નવી વાત નથી.

કોઈ એક કાર્ય આરંભતી વખતે ભવિષ્યમાં આવનારી સંભવિત મુશ્કેલીઓ વિષે પણ અગાઉથી આયોજન હોવું જોઈએ. મુશ્કેલી આવે ને ન પણ આવે. એના વિચારમાં હતોત્સાહ થવું નહીં. પણ આયોજન એને પડકારવાનું જરૂર રાખવું. કોઈપણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એક માર્ગી વિચાર ન રાખવા જોઈએ. ગતિ અવરોધક પરિબળો આવશે એના ઉપાય પણ મનોમન ઘડવા જોઈએ. તરતાં આવડતું હોય અને બાવડા સશક્ત હોય તો બે કાંઠે ઘસમસતી વહેતી નદીના પ્રવાહમાં તરવું એ આનંદની અનુભતિ થઈ રહે છે. પણ તરતાં ન આવડતું હોય અને બાવડામાં બળ ન હોય તો પણ તુંબડાને વળગી તરી શકાય. પણ નિજાનંદ ન મળી શકે. સતત તુંબડો છૂટી જશે તો એનો ભય વ્યાપેલો રહે છે.

આપણી સફળતાની કેડી આપણને મળેલી નિષ્ફળતામાંથી, વેઠેલી નુકસાનીના બોધ પાઠમાંથી જ જડવાની છે. બીજાના બોધ વચનો ઠાલા શબ્દોના ફીફાં ઝાંઝવાનું સૌદર્ય જરૂર આપશે પણ આપણને પાણીનો એક ઘૂંટડો સુદ્ધાં આપી શકશે નહીં. વિચારતા શીખીએ, બે કિનારાની વચ્ચે આપ બળે તરતાં શીખીએ અને સફળતા તથા નિષ્ફળતાના ઝૂલે ઝૂલી કાબેલિયતને કલા કૌશલ મેળવીએ અને સફળતા પામીએ.

- જ્ઞાતિમૈયા

# સમય હૈ બલવાન, નહીં મનુષ્ય બલવાન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સમયના ચક્ર સામે માનવી કેટલો કેવો પામર છે એ માર્ચથી આજ સુધીની પરિસ્થિતિ જોઈ સમજી શકાય છે પ્રકૃતિની ઉપર વટ જઈ કરાતું કર્મ કુદરત સાંખી શકી નહીં. સ્વાર્થ અર્થે વન, પર્યાવરણ, જલ સંપદાઓનો બેફામ ભોગવટો પ્રકૃતિ સાંખી શકી નહીં છૂટા વિચરતા નાના મોટા પ્રાણીઓના ઘરમાં ઘૂસપેઠ કરી ભાંગફોડ આદરી અતિક્રમણ કરનાર માનવજાતની સાનભાન આખરે ઠેકાણે લાવવા પોતાનું બ્રહ્માસ્ત્ર અજમાવ્યું ખરું

જન પ્રજા પોતાના ધંધા રોજગાર બંધ કરી ઘરે બેસી ગઈ. સારા નરસા પ્રસંગોમાં બેફામ ખર્ચા, બે લગામ ઉજવણી બંધ થઈ ગઈ. આકાશમા અંધારું થાય એટલે સૌ જંપે, આરામ કરે પણ ઉત્સાહમાં માનવ ઝાડ-ઝાંખરામાં આરામ કરતાં પક્ષીઓ, પ્રાણીઓની ફટાકડા ફોડી, ઝેરી ધુમાડા કાઢતી આતશબાજીથી તેમનું જીવન હરામ કરતી શૈલીથી નારાજ પ્રકૃતિ વધુ સાંખી ન શકી.

આ બધાં તર્ક આપણે કોરોના સંકટ આવ્યો એ પાછળ કરી શકીએ. સાચું કહીએ તો માનવજાતને કુદરતે ફટકો માર્યો છે એ આકરો છે, અસહ્ય છે, મરણ તોલ છે. આ આફતનો બોધપાઠ માનવજાત લે એનું વર્તન વર્તાવ સુધારે, કાર્ય શૈલી બદલે અને બેલગામ વર્તાવ ઉપર અંકુશ મૂકે. આ બ્રહ્માંડ માત્ર માનવ જાતે માટે નથી. નાના મોટા જીવજંતુને પણ જીવવાનો એટલો જ અધિકાર છે. જેટલો પોતાને માનવ જાતને છે. આ સંકટ વિચાર-વર્તન અને આચરણ પર અંકુશ મૂકી સુધારવાનો છે. આ માનવ જાતને મળેલી સજા છે એટલે આપણે પણ સુધરી જઈએ એ ઈચ્છનીય છે અને અન્ય નાનામોટા જીવજંતુ પ્રાણીઓ અને પક્ષીઓની કાળજી પરવા કરીએ.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કેડીઓ સીએ એસોસિએશન દ્વારા

# ‘ટ્રસ્ટના નિયમો અને પાલનો’ અંગે વિશેષ વેબિનારનું આયોજન

શ્રી કચ્છી દશા ઓશવાળની કેડીઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશનને લોકડાઉન દરમ્યાન સમયનો સદુપયોગ કરી અને જ્ઞાતિજનો માટે વિવિધ વિષયો પર વેબિનારનું આયોજન કરતી રહી છે આ વેબિનારોથી જ્ઞાતિમાં એક અલગ જ જ્ઞાનની ગંગા વહી રહી છે અને જે જે વેબિનારોનું આયોજનો થયું છે તેનો લાભ જ્ઞાતિજનોએ બહોળા પ્રમાણમાં લીધો છે. શનિવાર તા.૧૧ જુલાઈના રોજ આ એસોસિએશનની ૧૪મા વેબિનારનું આયોજન હતું જેમાં આપણા જ્ઞાતિના તેમજ ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાના પાસ્ટ પ્રેસિડન્ટ અને યુનિસેફ એનજીઓના ઓડિટ એડવાઈઝરી કમિટીના મેમ્બર એવા કમલેશભાઈ વિકમશીનું ‘ટ્રસ્ટના નિયમો અને પાલનો’ અંગે વેબિનારનું વિશેષ આયોજન ‘ગો ટુ મિટીંગ’ની એપ ઉપર સાંજના પાંચ કલાકે આયોજન કરવામાં આવ્યું હતું.

આ વેબિનારની શરૂઆતમાં પ્રેસિડન્ટ ઘનશ્યામભાઈ લાલકાએ સર્વ વિવરોને આવકાર આપ્યું હતું અને આવા સમયાંતરે વેબિનારો યોજી અને જ્ઞાતિને વધુ



સીએ કમલેશભાઈ વિકમશી

## PUBLIC TRUST, SOCIETY & SECTION 8 COMPANY – A COMPARATIVE ANALYSIS ...

| POINT OF COMPARISON | PUBLIC TRUST | SOCIETY | SECTION 8 COMPANY |
|---|---|---|---|
| Governed by | Maharashtra Public Trust Act, 1950 *(in Maharashtra)* | Societies Registration Act, 1860 | Companies Act, 2013 |
| Authority | Deputy Registrar/ Charity Commissioner | Registrar of Societies (ROS) of concerned State *(Charity Commissioner in Maharashtra)* | Registrar of Companies |
| Registration Document | Trust deed | Memorandum of Association (MOA) and By-Laws | Memorandum & Articles of Association (MOA & AOA) |
| Stamp Duty | Trust deed to be executed on non-judicial stamp paper, varies from state to state | No stamp paper required for MOA & By-Laws | No stamp paper required for MOA & AOA |
| Normal Time Period involved in registration / Formation | 30 – 90 days | 30 – 45 days | 10 – 30 days |
| Geographical Area of Operations | All India by default | State wise, but can operate in whole of India after taking All India Registration | All India by default |
| Members/Trustees required | Minimum 2 | Minimum 7 | Minimum 2 |
| Board of Management | Board of Trustees | Governing Council | Board of Directors |
| Legal Title | Vests in the hands of Trustees | Held in the name of the Society | Held in the name of Company |
| Revocable / Irrevocable | Generally irrevocable | May be dissolved by 3/5th majority of members | May be dissolved |
| Foreign Contribution (Regulation) Act, 2010 | Eligible | Eligible | Eligible |
| Distribution of Funds / Profits | Surplus to be utilised for advancement of Trust's objects | Not Possible | Distribution of dividend is prohibited |
| Income Tax Exempt status on registration u/s. 12A/12AA/12AB | Yes, allowed | Yes, allowed | Yes, allowed |
| Transparency in working details | Not much | Not much | High, because of online availability |
| Annual compliance requirement | File Annual Budget & audited annual accounts with Charity Commissioner | File list of names, addresses and occupations of members of the Managing Committee with ROS | Filing of accounts & filing of annual return with ROC |

# કેડીઓ સીએ એસોસિએશન દ્વારા
# ‘ટ્રસ્ટના નિયમો અને પાલનો’ અંગે વિશેષ વેબિનારનું આયોજન

**RENEWAL OF REGISTRATION U/S. 12A read with 12AA & 12AB**

- Law up to FY 2019-20: Registrations granted u/s. 12A/12AA were perpetual in nature unless registration was cancelled for non-compliance of conditions as stated above
- Rationalisation of process of registration of charitable institutions – Amendment in Sec. 12A & 12AA and introduction of Sec. 12AB vide Finance Act 2020 with effect from 1-June-2020 (deferred to 1-Oct-2020):
  - Renewal of registrations u/s. 12A/12AA existing as on 1-Apr-2020:
    Application to be made between 1-10-2020 and 31-12-2020 & such registrations will be renewed for a period of 5 years at one time calculated from 1-4-2020 (FY 2020-21 and onwards) without any detailed enquiry
  - Provisional Registration for 3 Years:
    An entity making fresh application shall be provisionally granted registration for 3 years without any detailed enquiry. The application subsequent to provisional registration shall be made at least 6 months prior to expiry of provisional registration or within 6 months of start of activities, whichever is earlier

માહિતગાર કરવાની કોશિશ કરશે. ત્યારબાદ પોલોમી ધરમશીએ કમલેશભાઈનો આછો પરિચય આપી અને કમલેશભાઈને આ સેમિનાર બાબતમાં વિશેષ જ્ઞાતિજનોને જ્ઞાન આપવા માટે આમંત્રિત કર્યા હતા. દિવ્યાબેન મોમાયાએ આભારવિધિ કરી હતી.

સીએ કમલેશભાઈ વિકમશીએ સર્વ પ્રથમ આજે એમને ટ્રસ્ટના નિયમો અને પાલનો વિશેનો જે સબજેક્ટ આપવામાં આવ્યો છે એ એટલો પેચીદો છે કે જેમાં દરેકે દરેક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વિશેષ ધ્યાન રાખી અને ટ્રસ્ટો ચલાવવાના હોય છે માટે આ સબજેક્ટ મારી માટે પણ એક મહત્વનો સબજેક્ટ બની રહે છે. તેમણે વેબિનારની શરૂઆતમાં કહ્યું હતું કે મુખ્યત્વે ત્રણ પ્રકારના ટ્રસ્ટો હોય છે. પબ્લિક ટ્રસ્ટ, સોસાયટી અને કંપની ટ્રસ્ટ. આ ત્રણે ટ્રસ્ટોની કેવી રીતે નિર્માણ થાય છે અને શું શું મર્યાદાઓ હોય છે અને કાર્યશૈલી કેવી હોય છે તે બાબતે ઝાખી આપી હતી.

આપણા જે જુના ટ્રસ્ટો છે તેઓને છેલ્લા પાંચ વર્ષમાં રીસ્ટ્રક્ચરીંગ કરવામાં આવ્યા છે અને તેની માટે ફોર્મ ભરવાના હોય છે. ફોર્મ જેવા કે ૧૨ એ / ૧૨ એએ / ૧૨એબી જેવા ફોર્મ ભરી અને ટ્રસ્ટને રેગ્યુલરાઈઝ કરવું પડે છે અને જો કોઈ ટ્રસ્ટ કમર્શિયલ ધોરણે કામ કરતું હોય તો તેને ૮૫ ટકા જેટલી રકમ જાહેર હિત માટે વાપરવાની હોય છે તેમજ જે ડોનરોને ઈન્કમટેક્સમાં ડોનેટ કરેલી ૫૦ ટકા રકમ મજરે જોઈતી હોય તો તેમની માટે ટ્રસ્ટમાં એક ૮૦ જી સર્ટિફીકેટનું પણ પ્રાધાન્ય છે. ૮૦જી ફોર્મ જે પણ ટ્રસ્ટ પાસે હોય તેમણે ડોનરોએ આપેલી રકમમાં ડોનરને સારો એવો ફાયદો થાય છે અને એક આત્મસંતોષ થાય છે કે મેં યોગ્ય ટ્રસ્ટને દાન આપ્યું છે.

ત્યારબાદ તેમણે ટ્રસ્ટ ડીડ એટલે કે જે આપણા ટ્રસ્ટીઓને કાર્ય કરવાનું હોય છે કે તેમની જે મર્યાદાઓ હોય છે કે કામ કરવાની પદ્ધતિ હોય છે તેની એક માર્ગદર્શિકા બનાવવામાં આવે છે જેને સરળ ભાષામાં બંધારણ કહેવામાં આવે છે જે બંધારણને આધિન ટ્રસ્ટીઓને કામ કરવાનું હોય છે અને સરકારના કાયદાકીય રીતે કોઈપણ જાતનો ખર્ચ કરવો હોય તો તેમને કાયદાકીય પ્રક્રિયા કરવાની હોય છે અને તેમણે વર્ષની શરૂઆતમાં ફેબ્રુઆરી મહિનાના અંતમાં એક બજેટ પણ આપવાનું હોય છે.

અગર જો ટ્રસ્ટમાં કોઈપણ ટ્રસ્ટીની નિમણૂંક થઈ હોય અથવા તો કોઈ ટ્રસ્ટીનું રાજીનામું આવ્યું હોય તો તેની સમયસર ચેરિટી કમિશ્નર અને ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટમાં જાણ કરવાની હોય છે.

# કેડીઓ સીએ એસોસિએશન દ્વારા
# 'ટ્રસ્ટના નિયમો અને પાલનો' અંગે વિશેષ વેબિનારનું આયોજન

**TIMELINES FOR RENEWAL OF REGISTRATION / FRESH REGISTRATION U/S. 80G**

| SITUATION | WHEN APPLICATION HAS TO BE MADE? | (A) PERIOD FOR WHICH REGISTRATION IS APPLICABLE<br>(B) RECEIPT OF FINAL ORDER FROM CIT |
|---|---|---|
| (i) Existing 80G approved Trusts | Within 3 months from 1-Oct-2020 | a. **Pass an Order** for 5 years<br>b. **Final Order** received within 3 months from the end of the month in which application is made. |
| (ii) New Trusts already approved u/s. 80G | At least 6 months prior to the expiry of the period for which approval was originally granted. | a. **Pass an Order** for 5 years<br>b. **Final Order** received within 6 months from the end of the month in which application is made. |
| (iii) New Trusts provisionally approved u/s. 80G | At least 6 months prior to the expiry of the provisional period for which approval was originally granted or within 6 months of commencement of its activities, whichever is earlier. | a. **Pass an Order** for 5 years<br>b. **Final Order** received within 6 months from the end of the month in which application is made or 6 months of commencement of its activities, whichever is earlier. |
| (iv) In any other case *(Includes New Approvals and pending approvals of old 80G for final order)* | One month PRIOR to the commencement of the P.Y. (relevant to the A.Y.) from which such said approval is sought | a. **Pass an Order** provisionally approved for 3 years from the A.Y. from which the approval is sought<br>b. **Final Order** received within 1 month from the end of the month in which application is made. |

ત્યારબાદ તેમણે જણાવ્યું હતું કે કે દરેક દરેક ટ્રસ્ટીઓએ તેમને વાર્ષિક એકાઉન્ટ્સ સમયસર ફાઈલીંગ કરવાની હોય છે તેમનું સમયાંતરે ટ્રસ્ટ ઓડિટ પણ કરાવવું પણ પડે છે અને ટ્રસ્ટ રીપોર્ટ ચેરીટી કમિશ્નર તેમજ ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટને મોકલવાનું હોય છે જેમાં તેમણે વિશેષ જણાવ્યું હતું કે આપણે વર્ષ દરમ્યાન જે પણ વધારો કર્યો હોય તેનો યોગ્ય પ્લાનિંગ સાથે જાહેર જનતા માટે ખર્ચ વાપરવાના હોય છે કોઈ કારણસર તમે પૈસા ઓછા વાપર્યા હોય તે વધેલા પૈસાનું એક ફોર્મ ભરી આગોતરી જાણ કરવાની હોય છે અને સીસ્ટમ તમે પાંચ વર્ષ સુધી ચલાવી શકો છો. પાંચ વર્ષ પછી પણ બતાવેલી રકમ ન વાપરી હોય તો તેનું ટેક્સ ભરવું પડે છે.

તેમણે સવિશેષ જણાવ્યું હતું કે આપણે ટ્રસ્ટની કોઈપણ મિલ્કત જો ભાડા પર આપવી હોય કે વહેંચવી હોય કે ખરીદવી હોય તો તેની આગોતરી જાણ કરવી પડે છે અને જો એ આપણે વહેંચીએ તો તેની માર્કેટ કિંમત પ્રમાણે ટેક્સ ભરવો પડે છે.

વધુમાં જણાવ્યું હતું કે ટ્રસ્ટમાં આપણે નાણાંકીય લેવડ દેવડ માટે કોર્પસ ડોનેશન લઈ શકાય છે અગર જો આપણી પાસે કોઈ મોટું પ્રોજેક્ટ હોય તો બીજા ટ્રસ્ટોની મદદ લઈ અને તમારું પ્રોજેક્ટ પુરુ કરો તો તેમા કોઈ વાંધો નથી અને તેમા કોઈપણ જાતનો ટેક્સ લાગતો નથી. ગર્વમેન્ટની કોર્પોરેટ કંપનીઓ બાબતમાં એક એવી જોગવાઈ કરેલી છે કે જે તેના નફાના ૨ ટકા સુધીની રકમ કોમ્યુનીટી સોશ્યલ રીસ્પોન્સીબીલીટી એટલે કે સીએસઆર ફંડની જોગવાઈ છે જે મોટી કંપનીઓ પાસે આ ફંડ હોય છે જે તેમને જાહેર જનતાના સેવાના કામો માટે વાપરવું ફરજીયાત છે. જનતાની સેવા કરવાની એક અલગ જોગવાઈ પણ છે. હવે ઘણી વખત ટ્રસ્ટના ઓડિટ થયેલા ચોપડાની સ્ક્રુટુનીનો કેસ પણ ઓપન થાય છે ત્યારે અગર જો કોઈ જાણતા અજાણતા ભુલ થઈ હોય તો તેની પેનલ્ટી પણ ચાર્જ કરવામાં આવે છે.

વેબિનારના અંતમાં કમલેશભાઈએ પુછાયેલા સવાલોનો સંતોષકારક જવાબ આપ્યો હતો. એકંદરે આ વેબિનાર બહુ માહિતીસભર રીતે પૂર્ણ થઈ તેમાં ૨૩૦થી વધુ જ્ઞાતિજનો ઓનલાઈન આ વેબિનારમાં ભાગ લીધો હતો.

વેબિનાર ખતમ થયા પછી પ્રેક્ષકોના જે પણ સવાલ હતા તેના જવાબ કમલેશભાઈએ આપ્યા હતા જેની જહેમત હિતેશભાઈ ધરમશીએ ઉપાડી હતી.

વેબિનાર જોવા માટે યુટ્યુબની લીંક આપેલ છે https://youtu.be/scUWxc8J9PM

# કેડીઓ જૈન સંઘ પુના દ્વારા અષાઢી બીજ (કચ્છી નવું વરસ)ની ઓનલાઈન ઉજવણી કરાઈ





પુના, પીંપરી, ચીંચવડ વિસ્તારમાં વસતા જ્ઞાતિજનોને આવરી લેતું સંગઠન કેડીઓ મંડળ પુનાએ ફેન્સી ડ્રેસ કોમ્પિટીશનના સફળ આયોજન પછી કચ્છી નવાવરસ અષાઢી બીજની ઉજવણી હાલ પર્વતતા લોકડાઉનને કારણે ઓનલાઈન દ્વારા વિવિધ ડાન્સ, સાંસ્કૃતિક રીતરિવાજની રજૂઆત અનોખી ઢબથી કરી આપણા માદરે વતનની પરંપરા, તેની વિરાસત સંસ્કૃતિ, સંસ્કારને ભૂલી ન જવા જોઈએ એ વિષે જોર અપાયું હતું.

પ્રારંભે ખુશાલભાઈ મૈશરીએ સૌને શાબ્દિક આવકાર આપી કચ્છી નવું વરસની શુભેચ્છાનું પ્રદાન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ૫૫.૨૬ મિનીટનો યુ ટ્યુબ લીંક https://youtu.be/_GPKnageDdE ઉપર પણ ઉપલબ્ધ છે જે સૌ માણી શકે છે. કાર્યક્રમનું એન્કરીંગ અક્ષિત નાગડા અને ખુશી નાગડા નામે બાળકોએ પોતાની આગવી છટાથી બખૂબીથી કર્યું છે.

સમગ્ર કાર્યક્રમનું સંકલન અને આયોજની જહેમત હર્ષા લોડાયા, રાખી લોડાયા, અમિત લોડાયા, ચાંદની લોડાયા, હેમલ લોડાયા, પારસ લોડાયા, મિનલ પટેલ (નાગડા) અને ડોલી પટેલ (નાગડા)એ અદ્ભૂત રીતે પાર પાડી છે.

શરૂઆતે વિહાન રતાણી, મલ્હાર, હિત નાગડા, દેવ લાલકા, અરમ મૈશરી, ગેહના લોડાયા, ખુશી નાગડાએ હિંદી, અંગ્રેજી અને ગુજરાતી સોન્ગ પર પોતાની ડાન્સ ટેલેન્ટ દર્શાવી હતી.

ત્યાર બાદ કેડીઓ કીડ્સ-પીસીએમસીના બાળકો પ્રસ્તુત રંગારંગ કાર્યક્રમ જેના હાલની કોરોનાની પરિસ્થિતિ વિષેનો ડાન્સ ગીત સાથે રજૂ કર્યો. ત્યારબાદ યુવાન-યુવતીઓ ડાન્સ પર્ફોમન્સ હેતવી નાગડાએ પેશ કર્યો અને પિયાનો તથા ગિટાર વાદનની સ્કીલ બતાવી અનુક્રમે રીયા ઘરમશી અને તન્વી નાગડાએ અને યુવા ડાન્સર ઉત્કર્ષએ જોરદાર ડાન્સ પર્ફોમન્સ મુકાબલા સોન્ગ પર બતાવ્યો અને અક્ષિત નાગડા અપના ટાઈમ આયેગા રેપ સોન્ગ પર પર્ફોમન્સ કર્યો હતો.

ત્યાર બાદ કેડીઓ પુને લેડી ગ્રુપ ડાંડીયા ચેલેન્જ પર ટ્રેડિશનલ ડ્રેસ પરિધાન કરી પર્ફોમન્સની ઝલક બતાવી હતી. જિનલ લોડાયા, રાખી લોડાયા, જિનલ શાહ, ચાંદની લોડાયા, મયુરી રતાણી, કાજલ રતાણી, લેખા માલદે, હર્ષા લોડાયા, આ ડાંડીયા ચેલેન્જ પ્રસ્તુતિનો કન્સપટ ચાંદની લોડાયાનો હતો. એ પછીનો નેક્સ્ટ ડાન્સ પર્ફોમન્સ વિનીશા ઘરમશીએ પ્રસ્તુત કર્યો હતો.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કેડીઓ જૈન સંઘ પુના દ્વારા અષાઢી બીજની ઓનલાઈન ઉજવણી કરાઈ





કેડીઓ પુને સુપર મોમની બહેનોએ કોરોના લોકડાઉનને કારણે ઘરમાં બંધ રહી ઘરકામ કરતાં કરતાં તથા વિવિધ કામો સાથે થીમ બેઝ ક્વોરન્ટાઈન ફેશન શો રજૂ કર્યો. જેમાં પાર્ટીસિપ્નસ હતા કાજલ રતાણી, જિનલ લોડાયા, જિનલ શાહ, ચાંદની લોડાયા, હર્ષા લોડાયા લેખા માલદે, રાખી લોડાયા અને મયૂરી રતાણી. આનું કન્સપ્ટ હર્ષા લોડાયાનું અને વિડીયો ગ્રાફી હેમલ લોડાયાની હતી. વિનલ લાલકા મોટિવેશનલ હિન્દી કવિતા રજૂ કરી હતી અને છેલ્લે કચ્છી જમણ વિષેનો રજૂઆત જેમાં પરંપરાગત કચ્છી ખાણી-પીણી વાનગીઓની ડિશ રજૂ કરતો અને ભૂલાતી જતી આ ખાસિયતની યાદ કરાવતો સાત મિનિટનો વિશેષ કાર્યક્રમની કલ્પના ડોલી મિલિન હીરાચંદ પટેલ-નાગડા સાંધાણ અને હેમલ દિનેશ લોડાયા સાંયરાની છે. વિડિયો સંપાદન હેમલ દિનેશ લોડાયાનું છે.



આ રજૂઆત ચાર કેટેગરીમાં વિભાજીત છે. જેમાં સવારનો નાસ્તો શિરામણ, બપોરનું ભોજન-માની ટાણું, સાંજનો નાસ્તો વેરાંઢી અને રાત્રિ ભોજન વિયારું.

સવારના શિરામણની આઈટમોમાં ચા, મુંગ, ગુંદરની રાબ, ખાખરા અને શીંગદાણા ચટણી. બપોરના ભોજન-માની ટાણુંનો મેનું પેશ થયો છે જેમાં લપઈ, ત્રિભંગ દાળ, સુકવણીની ગુવાર ફળી, દાળેજો શીરો, વધારીયા અને પાપડ-મીઠા ચલ્લા, ખારા ચલ્લા, ચુરમો ને ભજીયા, ઘુઘરી અને તિલજા લાડુ.

સાંજીજી વિરાંઢી ટાણુંના નાસ્તાની આઈટમોમાં મુંગદાળ ઢોકળાં, મુંગદાળ ભજિયા, બાજરાનું ખીચીયું, ચોખાનું ખીચું, ખાટાં ઢોકળાં અને મુઠિયા. છેલ્લે રાત્રિ ભોજન વિયારુંમાં ગુવારનું શાક, બાજરની માની, કઢી અને છાશ, ગુળ તથા ડોરાનું અથાણું, મુંગ, ભાત, કઢી, ડોરા અને થેપલા, ભુંસેલી ગુળ માની, બિંજોરા અથાણુંને છાશ, તાંદળા ભાજીજી ઢોકળીને મોનથાળ, ગોળ પાપડી, કારી ખીચડી, કઢી અને વઘારેલા મરચાં

આ પરંપરાગત કચ્છી ખાણું રજૂકર્તા બહેનો એ સજોડે, સંતાનો સાથે અને ઘરના વડીલો સાથે સાદર કર્યો છે. આ બહેનો છે. ચાંદની અમિત લોડાયા-સુથરી, શિલ્પા પરેશ નાગડા-જખૌ, મયૂરી પ્રગ્નેશ રતાણી-તેરા, નૈના અજય દંડ-તેરા, જિનલ દેવેન્દ્ર લોડાયા-સાંધણ, પૂજા ખુશાલ દંડ-વરાડિયા, નેહાબેન પ્રશાંત મોતા-સુથરી, કાશ્મીરા મિલન પટેલ મોમાયા-સાંયરા, જિનલ કુનાલ નાગડા-નલિયા, મિતા અમિત નાગડા-જખૌ, રાખી પારસ લોડાયા-સાંયરા, ડોલી મિલન પટેલ (નાગડા)-સાંધાણ, લેખા જિનેશ માલદે-દલતુંગી, સુચિતા ઉદય મોમાયા-વરાડિયા, યામિની મિતેશ દેઢિયા-કોટડી મહાદેવ પુરી, મોનિકા ધવલ પટેલ (મોમાયા)-સાંયરા, મિતાલી રોહિત નાગડા-નલિયા અને નીલમ યતિષ છેડા-વાડાપધ્ધર.

કેડીઓ જૈન સંઘ પુનાના દરેકે દરેક નાના મોટાઓએ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં જોડાઈ કચ્છી નવું વરસ અષાઢી બીજની ઓનલાઈન ઉજવણીને પોતાના પર્ફોમન્સથી સફળ બનાવી. નવા વિચાર નવી ઢબની રજૂઆત અને કલાની નવીતરેહની પેશકળ દ્વારા માદરે વતન કચ્છને, અત્રના હરવા ફરવા જોવા જેવા સ્થળો અને દેશી ઢબની વાનગીઓની યાદ કરાવી.

પંચાવન મિનીટનો આ કાર્યક્રમ યુ ટ્યુબ લીંક https://youtu.be/_GPKnageDdE ઉપર જોઈ માણી શકાશે.

# સમયનો સદુપયોગ કરતી હૈદ્રાબાદની નિધિ મોતા






કેલિગ્રાફિક લેખન એ એક પ્રકારની કલા છે. વિવિધ પ્રકારે કોઈપણ ભાષામાં લેખન કરવું એ જહેમત ભર્યું કામ છે. ધીરજ અને ખંતથી આ કળામાં માહિર થઈ શકાય છે. લેખન એ અક્ષરજ્ઞાન મેળવેલ કોઈને માટે સહજ છે. પણ સુશોભિત, સુઘડ અને આંખને ગમી જાય એવું લેખન સૌને વાંચવુ ગમે છે અને સમયે સમયે સારા અક્ષરોને પ્રાધાન્ય તો આપવામાં આવે જ છે અને સરકાર પણ ગ્રાફોલોજી ઉપર ઉંડો અભ્યાસ કરી અને આરોપીઓને એના અક્ષર ઉપર અને એના વળાંક ઉપર તેના સુધી આરામથી પહોંચી જાય છે.





મૂળ કચ્છ, ગામ લાખણીયા, હાલે હૈદ્રાબાદની કુ.નિધિ જિજ્ઞેશ મોતા જ્યારે ૩ જા ધોરણમાં હતી ત્યારથી ડ્રોઈંગનો શોખ ધરાવતી હતી. નવમા ધોરણમાં આવી ત્યારે પોતાની આવડતથી ડ્રોઈંગ, પેન્ટીંગ, નેઈલ આર્ટને આત્મસાત કરી પ્રેક્ટિસ કરી રહી છે. હાલ દસમા ધોરણની એક્ઝામ આપેલ નિધિ લોકડાઉન સમયનો સદુપયોગ કરી કેલિગ્રાફિક આર્ટમાંનો એક અંગ્રેજી લેટરને દેવનાગરી લિપિમાં લેખનને સમરકન ફોન્ટ લેખન કહેવાય તેની પ્રેક્ટિસ કરી તેમાં સિધ્ધ હસ્ત મેળવી. તેનો વિડિયો યુટ્યૂબ ઉપર પણ મૂકાયો છે. જેની વિડીયો લીંક https://youtu.be/SH8lZLH099l છે.

માત્ર શોખને આગળ વધારી મળેલ ફાજલ સમયનો ઉપયોગ હોબી ડેવલપમેન્ટ માટે કરનારી નિધિ મોતા માત્ર પંદર વર્ષની છે. પણ આર્ટમાં તેની ટેલેન્ટ સ્પષ્ટ ઝળકી ઉઠી છે. મમ્મી જયશ્રીબેન અને એડવોકેટ પપ્પા જિજ્ઞેશભાઈના પ્રોત્સાહનને કારણે નિધિ પોતાની હોબી ડ્રોઈંગ, પેન્ટીંગ અને હવે સમરકન ફોન્ટમાં માસ્ટરી મેળવી લીધી છે.

# શ્રી સુથરી જૈન સંઘમાં પાવનકારી પર્યુષણ પર્વે પધારવાનું આમંત્રણ

પરમપૂજ્ય અચલ ગચ્છાધિપતિ શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ની અસીમકૃપાથી એમના આજ્ઞાનુવર્તી પ.પૂ.મુનિશ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.ના શિષ્ય વરસીતપ આરાધક પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ અષાઢમાસ પૂનમ તા.૪ જુલાઈ શનિવારે મંગલદિને ઉમળકાભેર થયેલ છે.

માદરે વતનમાં શ્રાવણવદ તેરસ તા. ૧૬ ઓગસ્ટ રવિવારથી પ્રારંભ થતાં પર્યુષણ મહાપર્વની ઉજવણી વીરની વાણી ગ્રહણ કરવા સૌ ઉત્સુક હશો. વર્તમાન કોરોના મહામારીને લક્ષમાં રાખી સરકાર દ્વારા વખતો વખત અપાતા આદેશાનુંસાર નિયમોનું પાલન ચુસ્ત પણે કરવું સૌના આરોગ્ય માટે હિતાવહ છે.

આ વર્ષે પાંચ મહિનાનો ચાતુર્માસ સમય છે. એને અનુલક્ષી સૌ ઉદારદિલે ચાતુર્માસ ફંડ તથા મૂંગા ઢોરો માટે જીવદયા ફંડમાં દર્શાવેલ નિર્ધારીત યોજનામાં શક્તિ અનુસાર ફાળો નોંધાવી પુણ્યનું ભાથું બાંધવાનું કોઈ ચૂકશો નહીં. ચાતુર્માસ આધાર સ્તંભ રૂા. ૧૧ હજાર, જીવદયા ફંડ રૂા. પાંચ હજાર લીલોચારો એક દિવસ, રૂા. એક હજાર ઢોરોને મીઠી રાબ. સંપર્ક કાજે સુથરી જિગ્નેશભાઈ ૯૩૨૬૨૧૩૮૨૭ મુંબઈમાં કીર્તિભાઈ લોડાયા ૯૮૩૩૧૫૨૬૯૫ અને ખુશાલભાઈ છેડા ૮૦૯૭૬૭૯૦૦૬.

હાલે ચૌદ દિવસનો ક્વોરોન્ટાઈન સમય ગાળાનો સરકારશ્રીનો આદેશ છે. આપ સૌ આટલા સમય ગાળો લક્ષમાં લઈ તા. ૧ અથવા ૨ ઓગસ્ટ સુધી સુથરી પધારવા શ્રી સુથરી જૈન સંઘ તરફથી હાર્દિક આમંત્રણ છે. આપના આવવાની જાણ સુથરી પહોંચ્યા બાદ રહેવાની તથા સાધર્મિક ભક્તિ શ્રી સંઘ દ્વારા કરવામાં આવશે.

# કેન્સર પેશન્ટોની મદદ કરવા પોતાના સૌંદર્યના શિરતાજ સમા વાળ દાન કર્યા શારવી મોતાએ











ગામ દલતુંગીની હાલે મસ્જિદ બંદરમાં રહેતી ૨૩ વર્ષીય ગુજરાતી નાટ્ય જગતની હોનહાર અભિનેત્રી શારવી કમલેશ મોતા એ કેન્સર દર્દીઓની હેલ્પ કરવા પોતાના ખૂબસૂરત સૌદર્યના શિરતાજ સમા કેશ કલાપને ડોનેટ કરવાની વર્ષો જૂની ઈચ્છાનો અમલ કરી સંકલ્પ પૂરો કર્યો.

નાટ્ય સર્જક અને ભારતીય વિદ્યા ભવન સાથે સંકળાયેલા કમલેશ મોતાની પુત્રી શારવી આઠ વર્ષની હતી ત્યારે તેના દાદી હેમલતાબેનને કેન્સર થયું હતું. એ દરમ્યાન એને જાણવા મળ્યું કે કેન્સરના દર્દીઓને ટ્રીટમેન્ટ અપાય છે ત્યારે તેની આડઅસર રૂપે વાળ જતાં રહે છે. કેશ કલાપએ સ્ત્રીઓનો શિરમોર શણગાર છે શોભા છે અને એક અભિનેત્રી માટે વાળની અહેમિયત વિશેષ હોય છે. એ છતાં શારવી સમજણી થઈ ત્યારની ઈચ્છા હતી કે વાળ ડોનેટ કરી કેન્સરના દર્દીઓને મદદરૂપ થવું. બીજી વસ્તુઓનું ડોનેશન કરવા કરતાં કંઈક અલગ ડોનેટ કરવું એ વર્ષો જૂની ઈચ્છાને પૂરી કરી. સોળ વર્ષની હતી ત્યારથી નાટય જગતમાં તે અભિનય ક્ષેત્રે એન્ટ્રી કરી. પહેલું નાટક પપ્પા કમલેશભાઈ મોતા સાથે 'અર્ધસત્ય' નામનું. ત્યારબાદ 'વેંઈટિંગ રૂમ', 'મિસ્ટર એન્ડ મિસ બારોટ', 'શાનુ એન્ડ નાનુ' વિગેરે રજૂ થયાં.

લોકડાઉનનો લાંબો પિરીયડ વિતી ગયો અને હવે અનલોક થાય છે ત્યારે આ સમયે વાળ ડોનેટ કરવાનો નિશ્ચય તેને ડગાવી શક્યો નહીં અને મન મક્કમ કરીને તેણી એ ૯ ઈંચ લેન્થના વાળ કેન્સર પેશન્ટો માટે તાતા મેમોરિયલ હોસ્પિટલમાં એ ડોનેટ કર્યા. એટલું જ નહીં પોતાના વાળ ડોનેટ કરી વર્ષો જૂનું કરજ ચૂકતે કરવાની હાશ અનુભવી રહી છે. ભવિષ્યમાં હજુ પણ ફરી વાળ લાંબા થશે ત્યારે ડોનેટ કરશે એવો નિર્ધાર છે. મારી પાસે જે છે એનું દાન હું કરૂં એ સામાન્ય છે એમ તે કહે છે. અન્યોને પણ સલાહ આપતા કહે છે કે જો કોઈના વાળની લેન્થ સારી હોય તો સેંલોમાં વાળ કટ કરવા કરતા એ વાળ નકામા ન જાય તે માટે એને ડોનેટ કરી કેન્સર દર્દીઓને મદદરૂપ થાઓ.

જૂજ યુવતીઓ, સ્ત્રીઓ આવું જિગર વાળો ડિસીઝન લઈ શકે. જે હિંમત શારવી મોતાએ બતાવી છે એ ખરેખર પ્રેરણારૂપ છે. અભિનય ઉપરાંત તેની બીજી હોબી છે. ડોગ લવરની તે પોતે એક સર્ટિફાઈડ ડોગ ટ્રેઈનર છે. બે વર્ષ પહેલાં તેણે ડોગ ટ્રેઈન કરવાનો કોર્સ કર્યો છે અને અત્યાર સુધી પચ્ચીસ જેટલા ડોગીઝને તે ટ્રેઈન કર્યા છે. શારવી મોતાનો પ્રાણી પ્રેમ એટલો તીવ્ર છે કે તે ડોગીઝના રેસ્કયુ વર્ક કરી તેમને મદદરૂપ થાય છે અને તેમને યોગ્ય આશ્રય સ્થાન અપાવે છે. તેણીએ પોતાના ઘરે ડોગી પાળ્યું છે. તેની સાથે સમય વિતાવવો એની પહેલી પસંદગી છે.

# એક સે ભલે દો... દો સે ભલે ચાર,
# મંજીલ અભી દૂર હૈ... રસ્તા કરના પાર – લીલા ખોના



લીલાબેન સનત ખોના
ગામ – જખૌ

પરબ એટલે તરસ્યાનો વિસામો, રણમાં મીઠી વીરડી, પરબ એટલે કેડીઓ બહેનોને આર્થિક સંકળામણમાં એમનો હાથ ઝાલી એમને આત્મનિર્ભર કરતો એક મજબૂત હાથ. આમ પરબ શક્તિ સંજીવની કેડીઓ સમાજની દૂરદર્શી બહેનોએ બહેનોની અંદર સમાયેલી શક્તિ, સામર્થ્ય અને કૌશલ્યનો પરિચય કરાવી એટલું પ્રોત્સાહન માત્ર નથી આપ્યું પણ અમારા માટે હકીકતમાં ''પરબ'' નામનું પ્લેટફોર્મ ઉભું કર્યું, જ્યાં અમે અમારા હસ્ત કૌશલ્યનો ઉપયોગ કરી પરિવાર ને આર્થિક ટેકો આપી  ખરા અર્થમાં પરબે અમને સમાજમાં વ્યાવસાયિક મહિલાનો દરજ્જો અપાવ્યો.

પરબના નેજા હેઠળ દર વર્ષે માર્ચ મહિનામાં બે દિવસનું બહેનો દ્વારા ગૃહઉદ્યોગની ખાદ્ય વસ્તુઓનું વિતરણ કમ સેલ યોજાય છે. ઈચ્છુક બહેનો માટે ફ્રીમાં સ્ટોલ અને સાથે સાથે ચા-પાણી અને ઉપહારનું આયોજન પણ કરવામાં આવતું. અને બહેનો પોતાના હાથે બનાવેલી વાનગીઓ અને વિવિધ ખાદ્ય વસ્તુઓ નું વેચાણ કરતી. બે દિવસ વ્યવસાય સાથે મેળાવડા જેવો માહોલ જામતો. આ બે દિવસ માં બહેનો પરિવાર માટે ખાસ્સી એવી રકમ મેળવી શકતી અને હસતે ચહેરે, મનમાં પરબ પ્રત્યે કૃતજ્ઞતા અનુભવી ઘેર પાછી ફરતી.

પણ આ વર્ષે પરબ મેળાથી ફક્ત ચાર-પાંચ દિવસ પહેલાં લોકડાઉન શરૂ થઈ ગયું. અને જાણે પરબની બહેનો પર તો વિજળી પડી. સામાન્ય રીતે બહેનો પરબ માટે એક-બે મહિના પહેલાં થી વાનગીઓ તૈયાર કરવાનું શરૂ કરતી હોય છે. નાનકડા ઘરમાં ખૂબ મુશ્કેલીથી ચીજો સાચવીને રાખે છે અને આતુરતાથી વેચાણની રાહ જુએ છે. બધી ચીજો વેચાઇ જાય ત્યારે હાશકારો અનુભવે.અને ઘર પાછું ગોઠવે.

પણ લોકડાઉને બહેનોને ખૂબજ ટેન્શનમાં નાખી દીધી. આટલા બધાં માલનું કરવું શું ?

પણ પરબની મહિમાનો ખરો અનુભવ તો આ લોકડાઉને જ કરાવ્યો. અહિયાં હું મારો પર્સનલ અનુભવ જણાવવા માંગુ છું. બધી બહેનોની જેમ હું પણ ચિંતામાં પડી ગઈ. આ વખતે બેતરફી માર પડવાનો હતો. વેચાણ નહીં થાય એટલે આવક નહીં અને પડે-પડે આ માલ બગડી જશે તો એનો ખર્ચો માથે પડશે. પણ પરબનો જાદુ એવો ચાલ્યો કે લોકડાઉનનાં આ કપરા સમયમાં પણ આજની ઘડીએ મારો મોટા ભાગનો માલ વેચાઇ ગયો  અને રૂ.૨૦-૨૫ હજારનું નુકસાન થતું રહી ગયું એ બધું પરબને આભારી છે કેમકે પરબનાં સત્કર્મોની, એના વિશ્વાસ, એના નામ અને એની ગુડવિલની સુગંધ એવી પ્રસરેલી છે કે આ લોકડાઉનનાં કપરાં કાળમાં પણ અમારી નૈયા પાર કરી આપી.

લોકડાઉન શરૂ થયાનાં બીજા દિવસથી જ બહેનોનાં ફોન આવવા શરૂ થઈ ગયાં. નિરાશ સ્વરમાં બહેનો કહેતી અમને હવે માલ નહીં મળે. દર વર્ષે પરબનાં સ્ટોલ લાગતાં. અમને જરૂરિયાત મુજબનો બધો માલ પરબમાં મળી રહેતો હતો. પરબે ગુણવત્તા પણ એવી જાળવી છે કે હવે અમને બીજે ક્યાંયનો માલ પસંદ નથી આવતો. અમારાં માટે પરબજ મોટું વરદાન છે. એટલે અમે ઘરે કંઈ પણ બનાવ્યું નથી. પરબની બહેનોની ચિંતા સ્વાભાવિક હતી. પરબ બહેનો માટે. આશ્વાસન બની ગયું છે. લેવા-વેચવા બન્ને પક્ષ માટે. ફોનનાં જવાબમાં હું કહેતી અમે પણ પરબ માટે ઘણો માલ તૈયાર કરી રાખ્યો છે. બધો માલ ઘરમાં પડ્યો છે. અમને પણ સમજ નથી પડતી કેવી રીતે તમારા સુધી પહોંચાડીએ!

આ સાંભળીને ધીરે ધીરે બહેનો પૂછવા લાગી અમે ઘરે આવીએ તો માલ મળશે ? હું કહેતી જરૂર મળશે. એટલે ધીરે ધીરે બહેનો પોતપોતાની રીતે ઘરે પહોંચી માલ લેવા લાગી. ધીમે-ધીમે જેમ-જેમ ખબર પડતી ગયી,  બહેનો એ કંઈ ને કંઈ વ્યવસ્થા કરી, સામાન મંગાવી લીધો. ઘરમાં માલ ઓછો થયો ગયો અને આજની ઘડી સુધી લગભગ બધોજ માલ ઉપડી ગયો છે. આ બધું પરબ ની મહિમા થકી થઇ શક્યું છે. હું પરબનો જેટલો આભાર માનું, ઓછો છે.

એટલે જ કહ્યું છે... એક સે ભલે દો, દો સે ભલે ચાર, મંજીલ અભી દૂર હૈ, રસ્તા કરના પાર

# ભાંડુપ શાઈનીંગ સ્ટાર પાઠશાળાના બાળકોએ ઓનલાઈન ગુરૂપૂર્ણિમા ઉજવી








ભાંડુપ શાઈનીંગ સ્ટાર પાઠશાળામાં બાળકો નાનપણથી ધર્મ સંસ્કાર, જૈનીઝમની ભાવના, સંસ્કૃતિથી જ્ઞાત થાય છે. જેમ નાના રોપની શરૂઆતથી માવજત કરાય, સારી રીતે રખ રખાવ કરાય તો સારો સશક્ત વૃક્ષ ઉગે. એવી જ રીતે શાઈનીંગ સ્ટાર પાઠશાળામાં મૂળથી ધર્મજ્ઞાન મેળવે છે અને વિકાસ જ્ઞાન વૃધ્ધિ કરે છે.

તા. ૫ જુલાઈ રવિવારના ગુરૂપૂર્ણિમાનો પર્વ હતો. જે જ્ઞાન-ધર્મની સમજણ આપતા, શિક્ષણ કેળવણી પ્રદાન કરતાં ગુરૂઓ પ્રત્યે આદર ભાવ વ્યક્ત કરવાનો તેમના ઉપકાર-અહોભાવ પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો, તેમનો અભિવાદન કરવાનો દિવસ.














# ભાંડુપ શાઈનીંગ સ્ટાર પાઠશાળાના બાળકોએ ઓનલાઈન ગુરૂપૂર્ણિમા ઉજવી









આ દિવસે શાઈનીંગ સ્ટાર પાઠશાળાના બાળકો પોતાના ગુરૂ-શિક્ષક, બહેનો પારૂલબેન, રશ્મિબેન અને સ્વાતિબેન પ્રત્યે પ્રેમ આદર હૈયાના ભાવ વ્યક્ત કરતાં ગ્રીટીં ગ કાર્ડ વિવિધ તરેહના બનાવ્યા હતા. જેમાં ગુરૂ માતાઓ પ્રત્યે કાલા ઘેલાં શબ્દો લખી, વિવિધ રંગોથી ડિઝાઈન, ગ્રાફીક બનાવી તથા શબ્દ-વાણી દ્વારા પોતાના વ્યક્ત રજૂ કરી શિક્ષિકા બહેનો પ્રત્યે આદર ભાવ વ્યક્ત કર્યો હતો અને વોટસએપ મેસેજ બનાવી ગુરૂ શિક્ષિકાઓને મોકલ્યા હતા.

આમ આ વરસે ઓનલાઈન ગુરૂવંદના કરી પાઠશાળાના બાળકો ગુરૂપૂર્ણિમા ઉજવી હતી.









## ભુલ સુધાર

નીના શામજી લોડાયા જે દિવ્યાંગ થઈને ૧૫,૦૦૦નો ડોનેશન સમસ્ત મહાજનની મેડિકલ ટીમને નહીં પણ દિવ્યાંગ ટીમને આપેલ છે જે ભુલ સુધારીને વાંચવું જ્ઞાતિમૈયા અંક ૧૦૮ તા.૪ જુલાઈ -૧૦ જુલાઈ ૨૦૨૦ પાના નં.૧૦

# નલિનપુર નારી નિગમ દ્વારા મોન્સુન કુકીંગ વિથ ડેઈઝી લોડાયા






નલિનપુર નારી નિગમ એ કચ્છ-નલિયા ગામની વહુ-દીકરીઓનું મહિલા મંચ છે. આ મંચ સમયે સમયે વિવિધ કાર્યક્રમો યોજી ગામની માનુનીઓ વચ્ચે આત્મીયતા બનાવી રાખે છે. કોરોના મહામારીના લોકડાઉનના કારણે હમણાં ઘણા સમયથી કાર્યક્રમ યોજવાનું શક્ય બનતું ન હતું. છતાં મંચના પદાધિકારીઓએ હાર ન માનતા રવિવાર, તા.૫ જૂલાઈ ૨૦૨૦ના ઓનલાઈન ઝૂમ મિટીંગનું આયોજન કરી 'મોન્સુન કુકીંગ વિથ ડેઈઝી લોડાયા' નામે કાર્યક્રમ આયોજીત કર્યો. મંડળના પદાધિકારી હિના મનોજ લોડાયાના યુવાન પુત્રી ડેઈઝી લોડાયા એ ચોમાસામાં માણી શકાય એવી અવનવી વાનગીઓ બનાવીને બતાવી. આ લોકડાઉનની સમયમાં ફેન્સી, વેરાયટી કુકીંગ આપણા ઘરમાં હાજર માલ મસાલા સાથે પણ બનાવી શકાય છે એ સાબિત કર્યું. ચિ. ડેઈઝીએ ખૂબ સરળ રીતે બધી ઉમરના લોકોને સમજાય એવી રીતે બનાવી, ખાવી અને માણવી ગમે એવી વાનગીઓ શિખવાડી.






આટલી નાની વયે જ્યારે યુવતીઓ રસોઈ કામથી દૂર ભાગતી હોય છે ત્યારે ડેઈઝીની કુકીંગ વિશેની સમજ, લગન અને ધગશ બધાને દંગ કરી ગઈ. Viewers ના બધા સવાલો, શંકાઓનું વ્યવસ્થિત સંતોષકારક સમાધાન કર્યું. એટલે સુધી કે હોટેલ સ્ટાઈલ, Honey Chilly Potato જેમાં મુખ્ય ઘટક બટાટા નોન જૈન છે એ વાનગી પણ જૈન કેમ બનાવી શકે એ પણ એણે સમજાવ્યું.

ખરેખર નલિનપુર નારી નિગમને ધન્ય છે કે આ લોકડાઉનના સમયમાં પણ આવો સરસ સ્વાદિષ્ટ અને મજેદાર કાર્યક્રમ પીરસ્યો. નલિયાની વહુ દીકરીઓ જે સભ્ય ન હોય એ હજી પણ સભ્ય બની શકે છે. સંપર્ક : હિના લોડાયા-૯૮૨૦૩૧૮૩૪૫, વીણા નાગડા-૯૯૬૭૬૬૩૮૦.

આ કાર્યક્રમમાં હાજર ઘણી બહેનોએ કાર્યક્રમમાં બનાવેલ વાનગી જાતે બનાવી ગ્રુપમાં ફોટા શેર કર્યા છે.

# ફુલ ખીલે ગુલશન ગુલશન



દૈવિક કુણાલ દંડ

દંડ પરિવાર
માતા - કાજલ
પિતા - કુણાલ
ગામ - લાલા
હાલ - મલકાપુર
જન્મ - ૨૩-૬-૨૦૨૦



લોડાયા પરિવાર
માતા - નેહા
પિતા - નયન
ગામ - બાંડીયા
હાલ - ભાંડુપ
જન્મ - ૦૩-૭-૨૦૧૮





સમાયા નયન લોડાયા

**આ અંકથી શરૂ કરીએ છીએ આપણા ૧ થી ૫ વર્ષ સુધીના નાના ભુલકાઓ માટેની આ કોલમ જેમાં આપ આપના ભુલકાનો ફોટો, નામ, માતા-પિતાનું નામ, ઉંમર અને ગામ, અને વસવાટ વગેરે વિગત મોકલી તેને બર્થ-ડે શુભેચ્છા આપી શકો છો.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| સોમવાર તા.૨૯ જુન | ગુરુવાર, તા.૯ જુલાઈ | શુક્રવાર, તા.૧૦ જુલાઈ | શુક્રવાર, તા.૧૦ જુલાઈ |
| ચંદુલાલ પુનશી નાગડા | નરેન્દ્ર રતનશી લુઠીયા | ભારતી નવીન લોડાયા | ધર્મેન્દ્ર રતિલાલ નાગડા |
| (ઉ.૮૮ વર્ષ) | (ઉ.૭૯ વર્ષ) | (ઉ.૬૪ વર્ષ) | (ઉ.૭૮ વર્ષ) |
| ગામ-જખૌ | ગામ-નાની ખાવડી | ગામ-કોઠારા | ગામ-જખૌ |
| હાલ-મસ્જીદ બંદર | હાલ-ગદગ | હાલ-ભાંડુપ | હાલ-માટુંગા |

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**સંપર્ક : વોટ્સએપ - મનિષા લાલકા : ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભોજાય સર્વોદય દ્વારા નલિયા લોહાણા મહાજન તથા ગાયત્રી પરિવાર નલિયાના સહયોગથી રેફરલ હૉસ્પિટલ ખાતે નિઃશુલ્ક ચક્ષુરોગ નિદાન કેમ્પ યોજાયો. જેમાં ૨૦૫ દર્દીઓને તપાસી દવા અને ટીપાં અપાયા હતા. ૩૪ જેટલાં દર્દીઓના ઓપરેશન ભોજાય હૉસ્પિટલ ખાતે તથા ૩ દર્દીઓના ઝામરના ઓપરેશન ભુજ અદાણી હૉસ્પિટલ ખાતે નિઃશુલ્ક કરાયા હતા.

● ભુજ તાલુકાના મમુઆરા ગામની પ્રાથમિક શાળામાં ૨૧ વર્ષ સુધી સેવા બજાવી ચૂકેલા શિક્ષક બેચરદાસ રામજીભાઈ પ્રજાપતિ ભુજોડી અને કુકમા વચ્ચે ભુજ-ભચાઉ હાઈવે પર શેખપીર ત્રણ રસ્તા પાસે એક બાવળના ઝાડ પર સાંજે સાતથી સવારે સાત વાગ્યા સુધી બાર હજાર ચકલીઓ એક સ્થાને સૌથી વધુ સંખ્યામાં એકઠી થતી હોવાનું દર્શાવવા બદલ આઈ.પી.એસ. મુંબઈ સંચાલિત કચ્છમિત્ર જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ભુજ અને પેલિકન નેચર કલબ ભુજ દ્વારા આંતરરાષ્ટ્રીય ચકલી દિવસે ચકલી મિત્ર એવોર્ડ અપાયો. અત્યારે આ શિક્ષક સાબરકાંઠાના ખેડબ્રહ્મા હતા તાલુકાના બાવળ કાંઠિયા ગામની પ્રાથમિક શાળામાં સેવા બજાવે છે.

● અમદાવાદમાં રાજ્યની પ્રથમ નંબરની ભારતની ટોપ ૧૦માં આવતી બી.જે.મેડિકલ કોલેજમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી ભુજની વિદ્યાર્થીની ખ્યાતિ દેવરાજ મ્યાત્રાએ કંટાળાજનક કોરોના લોકડાઉનનો સુવર્ણ સદપયોગ કરી અમેરિકાની હાવર્ડ યુનિ.નો મિકેનિકલ વેન્ટિલેશન ફોર કોવિડ-૧૯ નામનો કોર્સ માત્ર ચાર દિવસમાં પૂર્ણ કર્યો. આ કોર્સ આમ તો ૪ થી ૧૨ સપ્તાહમાં પૂરો થાય છે. પણ ઓનલાઈન પરીક્ષા આપતાની સાથે તેણી સફળ થઈ અને પ્રમાણપત્ર પણ ઈસ્યુ કરાયું. જે આગળ જતાં ભવિષ્યમાં ફિઝિશીયન તરીકે કારકિર્દી શરૂ કરવામાં ઉપયોગી થશે.

● અંજાર તાલુકાના ખંભરા ગામના ક્ષત્રિય અગ્રણી નારણજી મમુજી જાડેજા સમગ્ર પંથકમાં ગૌભક્ત તરીકે જાણીતા છે. તેમણે ગામના માજી સરપંચ હધુભા મેમા આહીરની વાડીમાં લીલાચારાનું અંદાજે સાડા પાંચ એકર ખેતર ગામની ગાયો માટે વેચાણ લઈને ગાયોને અર્પણ કરી દીધું. આ વાડીનું લીલો ચારો સો ગાયોને પંદરેક દિવસ સુધી ભરપેટ મળી રહેશે તેવી વ્યવસ્થા કરી દીધી.

● કોરોના મહામારીને લઈને શુભ પ્રસંગે પર રોક લગાવાઈ છે. તેને કારણે આવા પ્રસંગોમાં લોકોનું મનોરંજન કરીને જીવન નિર્વાહ કરતા કલાકારો અત્યંત કફોડી પરિસ્થિતિમાં મૂકાયા છે. આવા પૂર્વ કચ્છના ૧૨૦ થી વધુ કલાકારો રાહત પેકેજ માટે માંગ કરી છે. ઢોલી, બેન્ડ પાર્ટી, નાટકો તથા ઓરકેસ્ટ્રાના કલાકારો જેમની પાસે આ સિવાય આવકનો પર્યાય નથી તેવા કલાકારો મુસીબતમાં મૂકાયા છે.

● લોકડાઉન સમયમાં જ્ઞાતિજનોને મોજ આનંદ માણવા મળે એ આશયથી નાગર જ્ઞાતિ સમાજ તરફથી ડિજિટલ હાઉઝી યોજાઈ. જેમાં ૪૩૦ જેટલા લોકોને ઉત્સાહથી ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામો અપાયા હતા. કોમ્પ્યુટર એપ્લિકેશનનો શોખ ધરાવતા ધારાશાસ્ત્રી મલ્હાર દર્શકબૂચ એ હાઉઝી ગેમ, ફિલ્મી ગીતો પર રમાડી હતી. ભુજ, કચ્છ ઉપરાંત શારજહા, દુબઈ, બેંગલોર, હૈદ્રાબાદ, મુંબઈ, અમદાવાદ, વડોદરા, જામનગર, જૂનાગઢ, બારડોલી, ભાવનગર વિગેરે સ્થળોના જ્ઞાતિજનો ભાગ લીધો હતો.

● આદિપુરની સિંક્રો અકાદમી દ્વારા લોકડાઉન વચ્ચે ઓનલાઈન નૃત્ય હરિફાઈનું આયોજન કરાયું હતું. આ અગાઉ ચિત્રકલા, ગાયનકલાની ઓનલાઈન હરિફાઈ થઈ હતી. ચાર વય જૂથમાં નૃત્ય હરિફાઈના નિર્ણાયક તરીકે નૃત્યગના કૃતિ પંડ્યા રહ્યા હતા.

# જીવન ઘટમાળ

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૬-૨૦૨૦ | અમેરિકા | શ્લોકા ભૂમિકા ગુંજન શિયાલ | જખૌ | પુત્ર |

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૬.૨૦૨૦ | ચેન્નાઈ | નેવિલ પ્રફુલ ઉમરશી મોત્તા | સુથરી | ૩૦ |
| | જલગામ | કરિશ્મા દિપક પ્રેમચંદ લોડાયા | નાની ખાવડી | ૨૮ |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૬.૨૦૨૦ | ભાવનગર | નીરવ મુકેશ હેમેન્દ્ર લાપસિયા | નલિયા | |
| | ભાવનગર | પલક વિજય જમનાદાસ શાહ | ભાવનગર | ૨૭ |
| ૨૪.૦૬.૨૦૨૦ | ધુલિયા | વરુણ કેતન ઠાકરશી ગોસર | ગોએરસામા | ૨૮ |
| | લાસલગાંવ | સારિકા હીરાલાલ કચરદાસ સંકલેચા | તીવરી-મથાલીઆ | ૨૮ |
| ૦૧.૦૭.૨૦૨૦ | અંકલેશ્વર | દીપ મહેશ રતિલાલ પટેલ | અંકલેશ્વર | ૨૬ |
| | અંકલેશ્વર | કીંજલ ભરત માણેકજી મોમાયા | વરાડિયા | ૨૫ |
| ૦૨.૦૭.૨૦૨૦ | મસ્જિદબંદર | પ્રીતેશ પંકજભાઈ ચત્રભુજ મોત્તા (પટેલ) | તેરા | ૩૯ |
| | ગીરગામ | માનસી ચંદ્રકાંત કાંતિલાલ ખત્રી | લીંબડી | ૩૬ |

**● જ્ઞાતિ સગપણ છૂટા ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૭.૨૦૨૦ | મુલુંડ | રીતીક ત્રિવેન્દ્ર ચંદુલાલ દંડ | ધ્રાફા | ૨૮ |
| | હૈદરાબાદ | રીતીકા લલીતકુમાર ટોકરશી લોડાયા | રાપર ગઢવારી | ૨૫ |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૭-૨૦૨૦ | પૂના | નવલબેન અમૃતલાલ રાવલ | | ૭૮ |
| ૦૮-૦૭-૨૦૨૦ | થાણે (પ) | ભુવન શરદચંદ્ર નાગડા | નલિયા | ૪૯ |
| ૦૮-૦૭-૨૦૨૦ | ગદગ | નરેંદ્ર રતનશી લુઠીયા | ખાવડી નાની | ૭૯ |
| ૧૦-૦૭-૨૦૨૦ | માટુંગા | ધમેંદ્ર રતીલાલ નાગડા | જખૌ | ૭૮ |

## સમસ્ત મહાજન આપના લોકડાઉન દરમ્યાન કરેલ સેવાકાર્યોને સલામ કરે છે

**કોરોના વાયરસની મહામારીમાં જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય થયા હોય તેઓએ પોતાના નામ, સરનામા અને જે કાર્ય કર્યું હોય તે તમારો એરીયાના મહાસમિતિના સભ્યોનો સંપર્ક સાધી આપની વિગતો આપો અને સમસ્ત મહાજન દ્વારા થનારા બહુમાનમાં આપ સહભાગી થાઓ**

**વધુ વિગત માટે સંપર્ક :**

**મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**

**Email : gyatimaiya2018@gmail.com**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

Plan the present, secure the future.

**Get a Family Insurance!**



insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO